**સ્પે.દિ. મુ.નં. ૭૦/૨૦૧૧**

**-: આંક-૨૫ નીચે હુકમ :-**

**૧.** મજકુર કામે વાદી ધ્વારા કોડ ઓફ સિવીલ પ્રોસીજરના હુકમ-૬ રુલ-૧૭ મુજબ હાલની અરજી રજુ કરી, તે અન્વયે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓ વાદી મેંદરડા તાલુકાના અંબાળા ગામે રહે છે આ કામના પ્રતિવાદીઓ તાલાળા તાલુકાના હિરણવેલ ગામે રહે છે. પ્રતિવાદી નં. ૧ તેઓના સગા માતુશ્રી થાય છે. તથા પ્રતિવાદી નં. ૨ તેઓ વાદીના સગા ભાઈ થતા હતા. વાદીના લગ્ન થતા તેઓ તેમના સાસરે તેમના પતિ સાથે અરજીમાં જણાવેલ સરનામે રહે છે. વાદીની વધુમાં રજુઆત એવી છે કે, તેઓએ આ કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલનો દાવો તથા મનાઈ અરજી દાખલ કરેલ છે જે મનાઈ અરજી હાલ પેન્ડીંગ છે. જે મનાઈ અરજી સાંભળવામાં આવે અને તેનો નિકાલ કરવામાં આવે તે પહેલા આ કામના પ્રતિવાદી નં. ૨ આકસ્મીક ગુજરી ગયા છે જે પ્રતિવાદી નં. ૨ નાં ગુજરી ગયા બાદ આ કામના પ્રતિવાદી નં. ૧ નાંએ વાદગ્રસ્ત જમીન મુમતાઝબેન રજબઅલી સાયાણી, રહે. ચીત્રાવડ વાળાને તા. ૦૨/૦૫/૨૦૧૨ ના રોજ વેંચાણ દસ્તાવેજથી વેંચાણ કરી આપેલ છે. જેથી સદર સુચીત પક્ષકાર મુમતાઝબેન રજબઅલી સાયાણી,ઉ.વ.આ.૫૬,ધંધો-ખેતી તથા ઘરકામ, ધર્મે-મુસ્લીમ, રહે. ચીત્રાવડ,તા. તાલાળા, જી.જુનાગઢ વાળાને પક્ષકાર તરીકે જોડવા હાલની અરજી લાવવા કારણ ઉપસ્થિત થયેલ હોવાની વાદીની રજુઆત છે. વધુમાં વાદીની રજુઆત એવી છે કે, સુચીત પક્ષકાર મુમતાઝબેન રજબઅલી સાયાણી, રહે. ચીત્રાવડવાળાને પક્ષકાર તરીકે જોડવામાં ન આવે તો તેઓ વાદીને મોટુ આર્થીક નુકશાન જાય તેમ છે. કારણ કે પ્રતિવાદી નં. ૧ ધ્વારા મજકુર કામની મનાઈ અરજીની સુનાવણી પેન્ડીંગ હોવા છતાં મજકુર કામની વિષય વસ્તુવાળી જમીન પૈકીની પુર્વ તરફની જમીન એ.ગુ.૨-૦૦, જેના હે.આ.ચો.મી. ૦-૮૦-૯૪ ની જમીન વેંચાણ દસ્તાવેજથી વેંચાણ આપી દીધેલ છે. જેથી સદર સુચીત પક્ષકારને જોડવામાં આવે તો દાવાના આખરી નિકાલ અંગે સરળતા રહે તેમ છે. તેમજ સદર જમીન વડીલોપાર્જીત હોવા છતાં પ્રતિવાદી નં. ૧ નાંએ તેઓની પરવાનગી લીધા પહેલા ઈરાદાપુર્વક વેંચાણ કરી નાંખેલ છે. જે હકીકતે અને પોતાની અરજીની વિગતવારની વિગતે મજકુર કામના વાદી ધ્વારા મજકુર કામે સુચીત પ્રતિવાદી પક્ષકાર મુમતાઝબેન રજબઅલી સાયાણી, ઉ.વ.આ. ૫૬,ધંધો-ખેતી તથા ઘરકામ, ધર્મે-મુસ્લીમ, રહે. ચીત્રાવડ, તા. તાલાળા, જિલ્લો-જુનાગઢ વાળાને દાવાના પ્રતિવાદી પક્ષકાર તરીકે જોડવા અરજ કરેલ છે.

૨. વાદી ધ્વારા હાલની અરજી રજુ કરવામાં આવતા અરજીનાં કાયદાનુસાર નિર્ણય/નિકાલ અર્થે આ અદાલતે સબંધીત પક્ષકારોને નોટીસ કરવાનું ફરમાવતા રેકર્ડ પરથી ફલીત થાય છે કે, મજકુર કામના પ્રતિવાદી નં. ૧ લાભુબેન વા./ઓ. રામભાઈ ભુરાભાઈ દેવધરીયાને આંક–૨૭ ની નોટીસની અમલ બજવણી થઈ ગયેલ છે. તે ઉપરાંત મજકુર કામે વાદી ધ્વારા હાલની અરજીમાં સુચીત પ્રતિવાદી તરીકે દર્શાવવામાં આવેલ પક્ષકાર મુમતાઝબેન રજબઅલી સાયાણીને આંક–૨૮ ની નોટીસની અમલ બજવણી થઈ ગયેલ છે. મજકુર કામે વાદીની આંક–૨૬ ની અરજી તથા તેની સાથે માર્ક ૨૬/૧ થી રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ધ્યાને લેતા પ્રથમ દર્શનીય રીતે મજકુર કામના પ્રતિવાદી નં. ૨ મરણ ગયેલ હોવાનું રેકર્ડ પરથી ફલીત થાય છે. મજકુર કામના પ્રતિવાદી નં. ૧ ને આંક–૨૭ વાળી નોટીસ બજવા છતાં તેઓએ હાજર થઈ વાદીની હાલની અરજી સંદર્ભે કોઈ વાંધા જવાબ કે બચાવ રજુ કરેલા નથી. જયારે મજકુર કામના આંક–૨૮ થી સુચીત પ્રતિવાદી પક્ષકાર મુમતાઝબેન રજબઅલી સાયાણીને આંક–૨૮ ની નોટીસ બજતા તેઓ આ કામે આંક–૨૯ વાળા વકીલાતપત્રથી વકીલ મારફત હાજર થયેલ છે. સદર સુચીત પક્ષકાર તરફે વિ.વ. શ્રી કે. પી. રાઠોડે વાદીની હાલની અરજી પર શેરો કરી " બચાવ રજુ કરવાની શરતે પક્ષકાર જોડવામાં આવે તો વાંધો નથી. " તેવી હકીકત જાહેર કરી શેરા અનુસાર સુચીત પ્રતિવાદી પક્ષકારને મજકુર કામે પ્રતિવાદી તરીકે જોડવા સામે વાંધો ન હોવાની હકીકત જાહેર કરેલ છે. વધુમાં સુચીત પ્રતિવાદી પક્ષકાર મુમતાઝબેન રજબઅલી સાયાણીએ આંક–૩૮ થી પોતાનો જવાબ રજુ કરી તેના સમર્થનમાં પોતાનું સોગંદનામું રજુ કરી જવાબની હકીકતે અને વિગતે મજકુર કામે તેઓને પ્રતિવાદી પક્ષકાર તરીકે જોડવામાં આવે તો વાંધો નથી તેવી હકીકત જાહેર કરેલ છે. મજકુર કામના વાદી ધ્વારા આપવામાં આવેલ હાલની અરજી સંદર્ભે વાદી તરફે વિ. વ. શ્રીએ લેખિત દલીલ રજુ કરેલ છે તથા પોતાની દલીલના સમર્થનમાં લીસ્ટથી નામદાર સુપ્રિમકોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલ ચુકાદાઓ રજુ કરેલ છે. જે આ અદાલતે માનપુર્વક વંચાણે તથા ધ્યાને લીધેલ છે અને સદર ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો સાથે આ અદાલત માનપુર્વક સહમત છે.

૩. વાદીની હાલની અરજી સંદર્ભે વાદી તરફે વિ. વ. શ્રી પી.ડી. ગઢવી પ્ર તિવાદીનં. ૧ તરફે વિ. વ. શ્રી એચ. એ. શાહ તથા સુચીત પ્રતિવાદી તરફે વિ. વ. શ્રી કે. પી. રાઠોડને આ અદાલતે સાંભળ્યા છે.

૪. મજકુર કામે વાદી ધ્વારા આંક–૨૫ અન્વયે અરજીમાં જણાવેલ હકીકતો અને કારણો અનુસંધાને અરજીમાં જણાવેલ સુચીત પક્ષકાર મુમતાઝબેન રજબઅલી સાયાણી ને પ્રતિવાદી તરીકે જોડવા અરજ કરેલ છે. જે અરજી પર સુચીત પક્ષકાર તરફે વિ. વ. શ્રીએ કરેલ શેરો તથા અરજી અનુસંધાને સુચીત પક્ષકાર ધ્વારા આંક–૩૮ થી રજુ કરવામાં આવેલ જવાબ તથા સોગંદનામું ધ્યાને લેતા, સુચીત પક્ષકાર ધ્વારા તેને મજકુર કામે પ્રતિવાદી તરફે જોડવામાં આવે તો વાંધો નથી તેવી હકીકત જાહેર કરેલ છે. વાદીએ પોતાની અરજીની હકીકતે અને વિગતે મજકુર કામની વાદગ્રસ્ત મિલકત પૈકીની કેટલીક જમીન પ્રતિવાદી નં. ૧ નાંએ વેંચાણ દસ્તાવેજથી સુચીત પ્રતિવાદીને વેંચાણ કરી નાંખેલ હોવાની હકીકત જાહેર કરેલ છે. તે અનુસંધાને સુચીત પ્રતિવાદી ધ્વારા આંક–૩૮ થી રજુ કરવામાં આવેલ જવાબ ધ્યાને લેવામાં આવે તો, તે અન્વયે પણ મજકુર કામના પ્રતિવાદી નં. ૧ નાંએ વાદગ્રસ્ત જમીન પૈકી કેટલીક જમીન સુચીત પ્રતિવાદીને વેંચાણથી ટ્રાન્સફર કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર પ્રથમ દર્શનીય રીતે જણાય છે જે હકીકત અને સંજોગોમાં મજકુર કામે ચાલુ દાવે દાવાના વિષય વસ્તુ વાળી મિલકતમાં પ્રતિવાદી નં. ૧ પક્ષકાર ધ્વારા ત્રાહીત પક્ષકાર એટલે કે સુચીત પ્રતિવાદી પક્ષકારનું હીત ઉત્પન્ન કરવામાં આવેલ હોવાની હકીકત પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ ઉપર ફલીત થાય છે. જે હકીકત અને સંજોગોમાં મજકુર કામે વાદગ્રસ્ત મિલકત સંદર્ભે દાવાના વિષય વસ્તુ અંગે તેમાં હિત ધરાવતા પક્ષકારોની તકરારોનો પ્રવર્તમાન પ્રસ્થાપિત કાયદાકીય સિધ્ધાંતો અને કાનુની જોગવાઈઓ અનુસાર યોગ્ય નિર્ણય/નિકાલ થઈ શકે તે માટે વાદગ્રસ્ત મિલકતમાં હીત ધરાવતા તમામ પક્ષકારોને મજકુર કામે સાંભળવા કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસાર અને ન્યાયના હિતમાં યોગ્ય અને ન્યાયોચીત જણાતું હોય, વાદીની હાલની અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

(૧) વાદીની આંક–૨૫ ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી ધ્વારા અરજીનાં પેરા–૪ માં જણાવેલ સુચીત પક્ષકાર મુમતાઝબેન રજબઅલી સાયાણી, ઉ.વ.આ. ૫૬, ધંધો–ખેતી તથા ઘરકામ,ધર્મે–મુસ્લીમ, રહે. ચીત્રાવડ, તા. તાલાળા, જિલ્લો–જુનાગઢ વાળાને મજકુર કામે ક્રમાનુસારના પ્રતિવાદી પક્ષકાર તરીકે જોડવા હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ મુજબનો સધારો વાદીએ હુકમની જાણ થયા તારીખથી દિન–૧૪ માં કરવો તથા સુધારો કર્યા બાદ નિયમાનુસારની દાવા અરજી મજકુર કામે રજુ કરવી.

આજરોજ તા. ૧૦ મી માહે ઓકટોબર સને ૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.વેરાવળ.

તા.૧૦/૧૦/૨૦૧૪.
વેરાવળ.

(કૌશાંગ અનિલકુમારઅંજારીઆ)
મુખ્ય સિનીયર સિવીલ જજ ,
વેરાવળ.
**કોડ નં.જીજે ૦૦૬૧૫**